Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 1 • Issue : 5 • Date : 22-06-2023 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

Office: C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office, Junagadh, Gujarat • Editor : Vijyaben V. Sisidiya • Mo. 98790 84567

### દિલ્હી પોલીસને એક શખસે બે ફોન કોલ કર્યા

## નરેન્દ્ર મોદી-અમિત શાહની હત્યાની ધમકીથી પોલીસ દોડતી થઈ ગઈ

### જે શખસે ફોન કર્યો હતો એ દારુનો વ્યસની હોવાનું લાગી રહ્યું છે, ટૂંકમાં જ તેને ઝડપી પાડવામાં આવશે : પોલીસ તેના પરિવાર સુધી પહોંચી ચૂકી છે



નવી દિલ્હી

પોલીસના જણાવ્યા મુજબ, એક વ્યક્તિએ પીએમ મોદી અને ગૃહ મંત્રી અમિત શાહને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અધિકારીઓએ જણાવ્યું કે, દિલ્હી પોલીસને એક શખસે બે ફોન કોલ કર્યા હતા. જેણે પીએમ મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. એટલું જ નહીં બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારને પણ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારે આ ફોન કરનારો શખસ કોણ છે અને શા માટે તેણે આવી ધમકી આપી હતી, એ જાણવા માટે પોલીસ દોડતી થઈ છે. આરોપીને ઝડપી પાડવા માટે પોલીસે એક ટીમની રચના પણ કરી છે. દિલ્હી પોલીસના જણાવ્યા મુજબ, જે શખસે ફોન કર્યો હતો એ દારુનો વ્યસની હોવાનું લાગી રહ્યું છે. ટૂંક સમયમાં જ તેને ઝડપી પાડવામાં આવશે. પોલીસ તેના પરિવાર સુધી પહોંચી ચૂકી છે. તે દારુડિયો છે અને ગઈ રાતથી જ તે સતત દારુ પી રહ્યો છે. જો કે, હાલ તો તે ઘરે નથી, પણ ટૂંક સમયમાં તેને ઝડપી પાડવામાં આવશે. પ્રાપ્ત જાણકારી મુજબ, બુધવારની સવારે ૧૦.૪૬ વાગે પીસીઆર પર કોલ આવ્યો હતો. ફોન કરનારા શખસે પોલીસને જણાવ્યું કે, જો તેને ૧૦ કરોડ રુપિયા ન મળ્યા તો તે બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારને જાનથી મારી નાખશે. આ ફોન કરનારા શખસનું લોકેશન નાંગલોઈ વિસ્તારમાં મળ્યું હતું. એ પછી ૧૦.૫૪ વાગે ફરીથી ફોન આવ્યો હતો. આ શખસે પોલીસને ફોન પર કહ્યું કે, જો તેને બે કરોડ રુપિયા ન મળ્યા તો તે પીએમ મોદી અને અમિત શાહને જાનથી મારી નાખશે. આ બંને ફોન એક જ મોબાઈલ નંબરથી કરવામાં આવ્યા હતા. જેનું લોકેશન પશ્ચિમ વિહારનું છે. ધમકીભર્યો આ ફોન આવ્યા બાદ પોલીસની ટીમ તરત જ લોકેશન પર પહોંચી હતી. પોલીસના જણાવ્યા મુજબ, ટૂંક સમયમાં જ કોલ કરનારાનું ઠેકાણું મળી ગયું હતું. ફોન કરનારા શખસનું નામ સુધીર શર્મા છે અને તે માદીપુર સી-૨૮૩માં રહે છે. જો કે, તે તેના ઘરે હાજર નહોતો, પરંતુ ૧૦ વર્ષનો તેનો પુત્ર અંકિત ઘરે હાજર હતો. આગળ તપાસ કરતા જાણવા મળ્યું કે, સુધીર દારુડિયો છે અને તે હંમેશા દારુ ઢીંચતો રહેતો હોય છે. તેના દીકરાએ જણાવ્યું કે, આજે સવારથી જ તેના પિતા દારુ પી રહ્યા હતા. મહત્વનું છે કે, હાલ પીએમ મોદી અમેરિકાની મુલાકાતે છે. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહને ઝેડ કેટેગરીની સુરક્ષા ઉપલબ્ધ છે. જ્યારે બિહારના સીએમ નીતીશ કુમારની સુરક્ષાની જવાબદારી એસએસજી પાસે છે. પ્રોટોકોલ મુજબ, તેમને ઝેડ પ્લસ સુરક્ષા મળી છે.

### બ્લૂ ડાર્ટના શેરમાં સાત ટકાનો વધારો

## સેન્સેક્સમાં ૧૯૫, નિફ્ટીમાં ૩૭ પોઈન્ટનો ઊછાળો જોવાયો

મુંબઈ : સ્થાનિક શેરબજારો આજે તેજી સાથે બંધ થયા છે. બીએસઈસેન્સેક્સ ૧૯૫.૪૫ પોઈન્ટ એટલે કે ૦.૩૧ ટકાના વધારા સાથે બંધ થયો હતો. આજે દિવસના કારોબાર દરમિયાન સેન્સેક્સ એક સમયે ૬૩,૫૮૮.૩૧ પોઈન્ટની સપાટીએ પહોંચી ગયો હતો. આ આ સ્ટોકનો ઓલટાઈમ હાઈ છે. એ જ રીતે, એનએસઈનિફ્ટી ૩૭.૧૦ પોઈન્ટ અથવા ૦.૨ ટકાના વધારા સાથે ૧૮,૮૫૩.૮૦ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો. આજે બ્લુડાર્ટનો શેર સાત ટકાના ઉછાળા સાથે બંધ રહ્યો હતો. મેટલ ઈન્ડેક્સ એક ટકાના ઘટાડા સાથે બંધ રહ્યો હતો. એ જ રીતે એફએમસીજી ઈન્ડેક્સ ૦.૪ ટકા અને રિયલ એસ્ટેટ ઈન્ડેક્સ ૦.૩ ટકા ઘટીને બંધ થયા છે. તે જ સમયે, પાવર ઈન્ડેક્સમાં એક ટકા અને ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્સમાં ૦.૫-૦.૫ ટકાનો ઉછાળો આવ્યો હતો. સેન્સેક્સ પર પાવરગ્રીડનો શેર આજે સૌથી મોટા ઉછાળા સાથે બંધ રહ્યો હતો. કંપનીનો શેર ત્રણ ટકાથી વધુના વધારા સાથે બંધ થયો હતો. તેવી જ રીતે એચડીએફસી બેંક, એચડીએફસી અને ટેક મહિન્દ્રાના શેર એક-એક ટકાથી વધુના વધારા સાથે બંધ થયા હતા. આ સિવાય ટીસીએસ, વિપ્રો, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, ભારતી એરટેલ અને લાર્સન એન્ડ ટુબ્રોના શેર ઉછાળા સાથે બંધ થયા હતા.મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા (મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા)ના શેરમાં સેન્સેક્સ પર સૌથી મોટો તૂટયો હતો. આ સિવાય આઈટીસીનો સ્ટોક એક ટકાથી વધુ વધીને બંધ રહ્યો હતો. આ સિવાય ઈન્ડસઈન્ડ બેક્ર, એક્સિસ બેક્ર, મારુતિ, બજાજ ફાઈનાન્સ, ઈન્ફોસિસ, ટાટા મોટર્સ અને ટાટા સ્ટીલના શેર લાલ નિશાન પર બંધ થયા હતા. જિયોજિત ફાઈનાન્શિયલ સર્વિસિસના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું કે વિક્રમી ઊંચાઈને સ્પર્શવા છતાં, વૈશ્વિક મુદ્દાઓ અને વિલંબિત ચોમાસાની ચિંતાને કારણે સ્થાનિક બજાર મોટો ફાયદો જાળવી શક્યું નથી.

### બિહારમાં યોગ દિવસની ઊજવણી સમયની ઘટના

## યોગ કરતી વખતે કેન્દ્રીય પ્રધાન પશુપતિ પારસની તબિયત લથડી

હાજીપુર

આતંરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે યોગ કરતી વખતે કેન્દ્રીય મંત્રી પશુપતિ કુમાર પારસની તબિયત અચાનક લથડી હતી. કેન્દ્રીય મંત્રી મંચ પર જ ઢળી પડ્યા હતા. જેના કારણે અફરા-તફરીનો માહોલ સર્જાયો હતો. ઘટના સ્થળ પર હાજર અધિકારીઓ અને તેમના પીએ એ પશુપતિ કુમાર પારસને ઉઠાડીને સોફા પર બેસાડ્યા હતા. પશુપતિ કુમાર પારસે જણાવ્યું કે, ગત દિવસોમાં તેમની ગાડી ખાડામાં ખાબકી ગઈ હતી જેના કારણે તેમને કેટલીક શારિરીક સમસ્યાઓ થઈ હતી.

ત્યારબાદ યોગ કરતી વખતે તેમની તબિયત લથડી હતી. તેમણે જણાવ્યું કે, અહીંથી જઈને તેઓ દિલ્હી એઈમ્સમાં સારવાર કરાવશે. આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે હાજીપુરના કોનહારા નજીક આયોજિત યોગ શિબિરમાં યોગ કરવા માટે કેન્દ્રીય મંત્રી પશુપતિ



કુમાર પારસ પહોંચ્યા હતા. મંત્રી યોગ કરી રહ્યા હતા તે દરમિયાન જ અચાનક તેમની તબિયત લથડી હતી.

તેમણે યોગ કરવા માટે અસમર્થતા વ્યક્ત કરી અને મંચ પર જ ઢળી પડ્યા હતા. સ્થળ પર હાજર અધિકારી અને તેમના પીએએ તેમને સંભાળ્યા અને તમને ઉથાડીને સોફા પર બેસાડ્યા હતા.

મીડિયા સાથે વાતચીત કરતી વખતે કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે મારી તબિયત ખરાબ છે.

ગત દિવસોમાં મુઝફ્ફરપુર જતી વખતે મારી કાર ખાડામાં ખાબકી ગઈ હતી જેના કારણે કેટલીક શારીરિક સમસ્યા થઈ છે. શારીરિક સમસ્યાના કારણે યોગ કરવામાં તકલીફ પડી રહી છે. દિલ્હી જઈને એઈમ્સમાં ઈલાજ કરાવશે.

## તંત્રી લેખ

# કોંગ્રેસનો અંધવિરોધ

*એ વિચિત્ર વાત છે કે ગોરખપુરના ગીતા પ્રેસને ૨૦૨૧નો ગાંધી શાંતિ પુરસ્કાર મળતાં કોંગ્રેસને શું કામ પેટમાં દુઃખે છે? કોંગ્રેસને ગીતા પ્રેસને પુરસ્કાર આપવા સામે માત્ર વાંધો જ નથી, બલ્કે તેની સમજણ અનુસાર તે સાવરકર અને ગોડસેને પુરસ્કાર આપવા જેવું પણ છે. કોંગ્રેસ મહાસચિવ જયરામ રમેશે પોતાની આ સમજ એક ઘોર ડાબેરી લેખક દ્વારા ગીતા પ્રેસ પર લખવામાં આવેલા પુસ્તકના આધાર પર વિકસિત કરી છે. આ પુસ્તકમાં લખવામાં આવ્યું છે કે મહાત્મા ગાંધી અને ગીતા પ્રેસના સંસ્થાપક હનુમાન પ્રસાદ પોદ્દાર વચ્ચે કેટલાક વિષયો પર અસહમતિ હતી. ગાંધીજી સાથે તો સુભાષ ચંદ્ર બોઝ અને ભીમરાવ આંબેડકર જેવા નેતાઓ પણ અસહમતિ ધરાવતા હતા! શું આ નેતાઓને માન-સન્માન આપવું ગોડસેને પુરસ્કૃત કરવા જેવું થઈ જશે? આ પ્રશ્નનો જવાબ તો જયરામ રમેશ જ આપી શકે, પરંતુ તેમણે એટલું જાણી લેવું જોઈએ કે નરસિંહ રાવના વડાપ્રધાન પદે રહેતાં કેન્દ્ર સરકારે હનુમાન પ્રસાદ પોદ્દારના સન્માનમાં ટપાલ ટિકિટ બહાર પાડી હતી. જયરામે અને તેમની સાથે જ રાહુલ ગાંધીએ પણ એ તથ્ય જાણી લેવું જોઈએ કે સાવરકર પર ટપાલ ટિકિટ ત્યારે બહાર પડી હતી જ્યારે ઈન્દિરા ગાંધી વડાંપ્રધાન હતાં. વાસ્તવમાં પોતાના ભૂતકાળની આવી જ ખુલ્લી અવગણનાથી કોંગ્રેસ વિશે એમ કહેવાય છે કે તે પોતાના વારસાની જ ઉપેક્ષા કરવામાં પારંગત થઈ ગઈ છે. એ માનવાનાં ઘણાં કારણો છે કે જયરામ રમેશ સનાતન ધર્મ-સંસ્કૃતિ અને સંસ્કારના પ્રચાર-પ્રસારમાં મહત્ત્વનું યોગદાન આપનાર ગીતા પ્રેસની મહત્તાથી કાં તો પરિચિત નથી કે પછી તેમણે જાણીજોઈને તેની અવગણના જ કરી. એને માત્ર સંયોગ ન કહી શકાય કે કોંગ્રેસની નજરમાં ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગ તો સંપૂર્ણ રીતે સેક્યુલર છે, પરંતુ ગીતા પ્રેસ સાંપ્રદાયિક! એને પણ ભૂલી ન શકાય કે એક સમયે કોંગ્રેસ અયોધ્યામાં રામ મંદિરના નિર્માણના ખુલ્લા વિરોધમાં હતી. કોંગ્રેસના નેતાઓ પોતાના વલણથી સાબિત કરી રહ્યા છે કે તેઓ ચૂંટણી આવતાં જ જે મંદિરોનાં ચક્કર લગાવવા માંડે છે તે માત્ર દેખાડો જ છે. તેના દેખાડાની પોલ પણ ખૂલતી રહે છે પણ તે બોધપાઠ લેવા તૈયાર નથી. જયરામ રમેશે જે પુસ્તકનો ઉલ્લેખ કરતાં ગીતા પ્રેસને ગાંધી શાંતિ પુરસ્કારનો વાંધો ઉઠાવ્યો, તેનાં વખાણ કરતાં 'અર્બન નક્સલ'નું બિરૂદ પામેલી અરુંધતિ રોયે કહ્યું હતું કે આ એક દુર્લભ કોશ છે. આ જ અરુંધતિ રોયે ખૂંખાર નક્સલીઓને બંદૂકધારી ગાંધી ગણાવ્યા હતા. શું કોંગ્રેસ પણ આવું જ માને છે? કોંગ્રેસના નેતા દેશના માનસથી દૂર થતા જાય છે. તેના વલણથી એ જ સ્પષ્ટ થાય છે કે વોટબેંકના રાજકારણ માટે તે ભારતીય સંસ્કૃતિના વાહક સમાન ગીતા પ્રેસ સંસ્થા પર પણ કાદવ ઉછાળવાનું કૃત્ય કરી શકે છે.*

# મોદી વાસ્તવમાં ભારતની ખૂબ ચિંતા કરે છે : એલન મસ્ક



નવી દિલ્હી

ટેસ્લાના ફાઉન્ડર અને સીઈઓ એલન મસ્કે બુધવારે અમેરિકાના પ્રવાસે પહોંચેલા ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી. આ દરમ્યાન એલન મસ્કે ભારતના વડાપ્રધાનના વખાણ કરતા કહ્યું કે, તે પણ પીએમ મોદીના ફેન છે, જે ભારત માટે સારુ કરવા માગે છે.

ન્યૂયોર્કમાં પીએમ મોદી સાથેની આ બેઠક બાદ એલન મસ્કે મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું કે, ભારતીય પ્રધાનમંત્રી હકીકતમાં ભારતની ખૂબ ચિંતા કરે છે અને ટેસ્લાને દેશમાં મહત્વપૂર્ણ રોકાણ માટે પ્રેરણા આપી રહ્યા છે. એલન મસ્કે કહ્યું કે, હું ભારતના ભવિષ્યને લઈને ખૂબ જ વધારે ઉત્સાહિત છું. મને લાગે છે કે, દુનિયાના કોઈ પણ મોટા દેશની તુલનામાં ભારત પાસે વધારે સંભાવનાઓ છે.

ટેસ્લાના સીઈઓએ કહ્યું કે, આ મુલાકાતની ખાસ વાત એ છે કે, તે પીએમ મોદી હકીકતમાં ભારતની ખૂબ ચિંતા કરે છે, તેઓ હંમેશા ભારતમાં રોકાણ માટે પ્રેરણા આપી રહ્યા છે, જે અમે કરવા માગીએ છીએ. મસ્કે આ દરમ્યાન પીએમ મોદી સાથે ૨૦૧૫માં થયેલી પ્રથમ મુલાકાતનો પણ ઉલ્લેખ કર્યો. માઈક્રોબ્લોગિંગ સાઈટ ટ્વિટરના માલિકે કહ્યું કે, પીએમ મોદી સાથએ આ એક શાનદાર બેઠક હતી. કેટલાય વર્ષ પહેલા તેમણે પીએમ મોદીએ અમારી ફ્રીમોંટ ફેક્ટ્રીની મુલાકાત લીધી હતી. એલન મસ્કે કહ્યું કે, હું કહી શકું છું કે, મોદી હકીકતમાં ભારત માટે સારા કામ કરવા માગે છે. તેઓ નવી કંપનીઓને ખુલા મને સ્વીકારે છે અને સ્વાગત કરવા માગે છે અને તેમનું સમર્થન કરે છે. તેમની સાથે જ તેઓ તેનું ધ્યાન પણ રાખે છે, જેનાથી ભારતને ફાયદો થાય. આ જ હોવું જોઈએ.

# યોગ એક વૈશ્વિક આંદોલન બની ગયું છે : વડાપ્રધાન



નવી દિલ્હી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અમેરિકાના રાજકીય પ્રવાસે છે. આંતરરાષ્ટ્રીય યોગ દિવસના અવસર પર પીએમ મોદી સંયુક્ત રાષ્ટ્ર હેડક્વાર્ટરમાં યોગ કાર્યક્રમમાં ભાગે લેશે. ત્યાર બાદ બુધવાર સાંજે રાષ્ટ્રપતિ જો બાઈડેન સાથે મુલાકાત કરશે. પ્રધાનમંત્રી મોદી અમેરિકામાં છે. આ ૯ વર્ષમાં તેમનો પ્રથમ રાજકીય પ્રવાસ છે. ભારતના હિસાબથી કેટલાય મામલોમાં આ પ્રવાસ ખૂબ જ મહત્વનો સાબિત થશે. આ દરમ્યાન મહત્વની રક્ષા ડીલ પણ થવાની છે. પીએમ મોદી જેવા ન્યૂયોર્કમાં ઉતર્યા કે લોકોએ મોદી મોદીના નારા લગાવ્યા. પીએમ બુધવારે યૂએન હેડક્વાર્ટરમાં યોજાનાર યોગ દિવસના ખાસ કાર્યક્રમની આગેવાની કરી. પ્રધાનમંત્રીએ મોદીએ કહ્યુ કે, યોગ માટે કહેવાય છે કે, કર્મમાં કુશળતા જ યોગ છે. આઝાદીના અમૃતકાળમાં આ મંત્રી ખૂબ જ મહત્વનું છે, જ્યારે આપણે યોગની સિદ્ધિ સુધી પહોંચી જઈએ છીએ. યોગ દ્વારા આપણે કર્મયોગ સુધીની યાત્રા મને વિશ્વાસ છે કે, યોગથી આપણે આપણા સ્વાસ્થ્યને શાનદાર બનાવી છીએ. આપણા સામર્થ્ય, આપણો માનસિક વિસ્તાર, આપણી ચેતના શક્તિ આ સંકલ્પ સાથે તમામને યોગ દિવસની ખૂબ ખૂબ શુભકામનાઓ. પીએમે કહ્યું કે, આપણે નવા વિચારોનું સ્વાગત કર્યું છે. તેમને સંરક્ષણ આપ્યું છે. આપણે વિવિધતાઓની સમૃદ્ધ કર્યા છે. તેમને સેલિબ્રેટ કર્યું છે. એવી દરેક સંભાવના યોગ પ્રબળથી પ્રબળતમ કરે છે. યોગ આપણા અંતદ્રષ્ટિનો વિસ્તાર આપે છે. યોગ આપણને આ ચેતનાથી જોડે છે, જે આપણને એકતાનો અનુભવ કરાવે છે. આપણે યોગ દ્વારા અંતર્વિરોધોને ખતમ કરવાનું છે. આપણને યોગ દ્વારા વિરોધો અને પ્રતિરોધોને ખતમ કરવાનો છે. આપણે એક ભારત, શ્રેષ્ઠ ભારતની ભાવનાને વિશ્વની સામે ઉદાહરણ રજૂ કરવાનું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસના અવસર પર ન્યૂયોર્કથી દેશવાસીઓને સંબોધન કર્યું. તેમણે કહ્યું કે, યોગ એક વિચાર હતો. જેને આજે દુનિયાભરે અપનાવ્યું છે. આજે યોગ ગ્લોબિલ સ્પિરટ બની ગયું છે. યોગે આપણને હંમેશા જોડવાનું કામ કર્યું છે. આપણા આદર્શ હોય, ભારત દર્શન હોય કે દ્રષ્ટિ આપણને હંમેશા, જોડે છે, અપનાવવા અને અંગીકાર કરવાની પરંપરા પોષિત કર્યું છે.

## અમેરિકા પહોંચેલા પીએમ મોદીનું ભવ્ય સ્વાગત

# મોદી સાથે ભારતને લઈને ચિંતાઓ પર પણ ચર્ચા કરો : યુએસ સેનેટર્સ

### અમેરિકામાં ૭૫ સેનેટરો તેમજ ડેમોક્રેટિક પાર્ટીના કોંગ્રેસના સભ્યોએ અમેરિકન રાષ્ટ્રપતિને એક પત્ર લખ્યો

વોશિંગ્ટન

અમેરિકા પહોંચેલા પીએમ મોદીનુ ભવ્ય સ્વાગત થયુ છે. જોકે અમેરિકામાં પીએમ મોદી વિરોધી લોબી સક્રિય થઈ ગઈ છે.

અમેરિકામાં ૭૫ સેનેટરો તેમજ ડેમોક્રેટિક પાર્ટીના કોંગ્રેસના સભ્યોએ અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઈડનને એક પત્ર લખ્યો છે અને કહ્યુ છે કે, પીએમ મોદીનુ સ્વાગત કરવામાં આવે પણ તેની સાથે સાથે ભારતને લઈને જે ચિંતાઓ છે તેના પર પણ ચર્ચા કરવામાં આવે. આ સેનેટરો અને કોંગ્રેસના સભ્યોએ અમેરિકાના વિદેશ વિભાગ તથા બીજા સંગઠનોના અહેવાલનો હવાલો આપીને કહ્યુ છે કે, ભારતમાં ધાર્મિક અસહિષ્ણુતા વધી રહી છે તેમજ પત્રકારો તથા નાગરિકોના સંગઠનોને ટાર્ગેટ કરવામાં આવી રહ્યા છે. અખબારોની સ્વતંત્રતા પર પણ કાપ મુકાઈ રહ્યો છે. આ તમામ મુદ્દા પર જો બાઈડને પીએમ મોદી સાથે ચર્ચા કરવાની જરૂર છે. પત્રમાં કહેવામાં આવ્યુ છેકે, ભારત અને અમેરિકા મિત્ર છે અને મિત્રોએ ઈમાનદારી અને સ્પષ્ટતાથી વાતચીત કરવી જોઈએ. ભારત અને અમેરિકા વચ્ચે સમાન હિતો સીવાય પણ બીજા ઘણા મુદ્દા છે અને તમારે (જો બાઈડન) આ મુદ્દાઓને પીએમ મોદી સમક્ષ મુકવા જોઈએ.

પીએમ મોદી અમેરિકન કોંગ્રેસને સંબોધન કરવાના છે તેના પહેલા જ આ પત્ર રિલિઝ કરવામાં આવ્યો છે. આ પત્ર લખવા માટે તાજેતરમાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીની અમેરિકા યાત્રા દરમિયાન તેમની સાથે ડિનર લેતા જોવા મળેલા સેનેટર ક્રિસ વેન હોલેન તથા કોંગ્રેસના સભ્ય પ્રેમિલા જયપાલે આગેવાની લીધી છે. તેના પર કુલ ૭૫ નેતાઓના હસ્તાક્ષર છે.

## ૨૩ જૂને પટનામાં વિપક્ષી પાર્ટીઓની બેઠક

# વિપક્ષોની બેઠકમાં કેજરીવાલનો કેન્દ્રના વટહુકમ પર ચર્ચાનો પ્રયાસ

### આના માટે કેજરીવાલ સતત અનેક વિપક્ષી પાર્ટીઓને અરજી કરી ચૂક્યા છે, વિપક્ષી પાર્ટીઓને એક પત્ર લખ્યો

નવી દિલ્હી

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ૨૩ જૂને પટનામાં યોજાનારી વિપક્ષી પાર્ટીઓની બેઠકમાં કેન્દ્રના વટહુકમ પર ચર્ચા થાય તે માટે તમામ શક્ય પ્રયાસો કરી રહ્યા છે. સીએમ કેજરીવાલ સતત અનેક વિપક્ષી પાર્ટીઓને અરજી કરી ચૂક્યા છે કે, ૨૩ જૂનના રોજ દિલ્હીના વટહુકમ પર જરૂર ચર્ચા થાય. તે માટે કેજરીવાલે બુધવારે વિપક્ષી પાર્ટીઓને એક પત્ર પણ લખ્યો છે. આ પત્રમાં કેજરીવાલે આગ્રહ કર્યો કે, ૨૩ જૂન ૨૨૦૨૩ના રોજ બિહારમાં વિપક્ષી પાર્ટીઓની બેઠકમાં વટહુકમને સંસદમાં હરાવવા મુદ્દે સૌથી પહેલી ચર્ચા થવી જોઈએ.

પ્રયોગ સફળ થયો તો બિન-ભાજપા રાજયોમાં થશે લાગુ કેજરીવાલે આગળ લખ્યું કે, દિલ્હીનો વટહુકમ એક પ્રયોગ છે જો આ પ્રયોગ સફળ થયો તો કેન્દ્ર સરકાર બિન-ભાજપા રાજયો માટે આવા જ વટહુકમો લાવીને રાજ્ય સરકારનો અધિકાર છીનવી લેશે. દિલ્હીના સીએમ એ આગળ કહ્યું કે, એ દિવસ દૂર નથી જયારે વડા પ્રધાન ૩૩ રાજયપાલો અને એલજીના માધ્યમથી તમામ રાજ્ય સરકાર ચલાવશે.

### છેલ્લા ત્રણ મહિનામાં આવી ત્રીજી ઘટના

# કેનેડાની નદી પાસેથી આણંદના ૨૦ વર્ષીય વિષય પટેલનો મૃતદેહ મળ્યો

## હાલ મૃતક યુવકના માતા-પિતા કેનેડા જવાની તૈયારી કરી રહ્યા છે, તો તે પરીક્ષામાં એક વિષયમાં ફેઈલ થયો હોવાની વાત પણ સામે આવી છે



આણંદ

કેનેડામાં છેલ્લા ઘણા દિવસોથી એકબાદ એક રહસ્યમયી રીતે ગુજરાતી વિદ્યાર્થીઓના ગુમ થવાની ઘટના બની રહી છે. ત્યારે ગુજરાતના આણંદનો વિષય પટેલ (ઉં.વ ૨૦) નામનો યુવક છેલ્લા ૬ દિવસથી ગાયબ થઈ ગયો હતો. કેનેડા પોલીસ યુવકની શોધખોળ કરી રહી હતી. ત્યારે કેનેડા પોલીસને બ્રાન્ડોન શહેરના પૂર્વમાં એસિનિબોઈન નદી હાઈવે બ્રિજ પાસેથી વિષય પટેલનો મૃતદેહ મળી આવ્યો છે. વિષય પટેલે આત્મહત્યા કરી છે કે પછી તેની હત્યા કરી દેવામાં આવી છે, તે મામલે હાલ તપાસ ચાલી રહી છે. યુવકના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે મોકલવામાં આવ્યો છે. PM રિપોર્ટ બાદ જ યુવકના મૃત્યુ પાછળનું સાચું કારણ સામે આવશે. હાલ મૃતક યુવકના માતા-પિતા કેનેડા જવાની તૈયારી કરી રહ્યા છે. તો તે પરીક્ષામાં એક વિષયમાં ફેઈલ થયો હોવાની વાત પણ સામે આવી છે.

મળતી માહિતી અનુસાર, આણંદના બોરીયાવી ગામનો વતની વિષય પટેલ છેલ્લા ૨ વર્ષથી કેનેડામાં અભ્યાસ કરતો હતો. તે ૧૫ જૂને રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ ઘરની બહાર નીકળતા જોવા મળ્યો હતો. જે બાદ ઘણા સમય સુધી તે ઘરે પરત ન આવતા મિત્રો અને સગાસંબંધીઓએ તેની શોધખોળ હાથ ધરી હતી. વિષય પટેલની શોધખોળ કરવામાં આવતા તેની કોઈ ભાળ મળી નહોતી. જેથી આ અંગે બ્રાન્ડોન પોલીસને જાણ કરવામાં આવી હતી.

જે બાદ પોલીસે ઝઝૂફ ફૂટેજના આધારે યુવકની શોધખોળ હાથ ધરી હતી. આ શોધખોળ દરમિયાન એસિનિબોઈન નદી અને હાઈવે ૧૧૦ બ્રિજ પાસે લાપતા યુવાનના કપડા મળી આવ્યા હતાં. ત્યારબાદ ઈમરજન્સી સર્વિસના કર્મચારીઓએ આ વિસ્તારની તપાસ કરતા યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો.

આ (વિષય પટેલ) પ્રથમ યુવક નથી કે જે શંકાસ્પદ રીતે ગુમ થયો હોય અને પછી તેનો મૃતદેહ મળી આવ્યો હોય. આ પહેલા પણ ગુજરાતના જ હર્ષ પટેલ અને આયુષ ડાખરા નામના યુવકો શંકાસ્પદ હાલતમાં ગુમ થયા હતા, જે બાદ તેમના મૃતદેહ મળી આવ્યા હતા. આયુષ ડાખરા મૂળ ભાવનગરના સિદસર ગામનો વતની હતો, તે ટોરન્ટો શહેરની યોર્ક યુનિવર્સિટીમાં અભ્યાસ કરતો હતો. ગત પમી મેના રોજ આયુષ ડાખરા અચાનક ગુમ થઈ ગયો હતો.

જેથી તેની સાથે રહેતા મિત્રોએ આયુષના પિતાને ફોન કરીને આ અંગે જાણ કરી હતી અને આયુષના ગુમ થવાની ફરિયાદ પોલીસમાં નોંધાવી હતી. જે બાદ પોલીસે તેની શોધખોળ કરતા તેનો મૃતદેહ મળી આવ્યો હતો. આવી જ રીતે એપ્રિલ મહિનામાં હર્ષ પટેલના ગુમ થયા બાદ તેનો મૃતદેહ મળી આવ્યો હતો.

### થોડા દિવસ પહેલા જ બ્રિજનું ઓપનિંગ કરાયું હતું

# ગાંધીનગરમાં રક્ષાશક્તિ સર્કલ બ્રિજમાં તીરાડો દેખાઈ

## હાલ બ્રિજના નીચેના ભાગમાં તિરાડો જોવા મળતા ભ્રષ્ટાચારની અને ગેરરીતિની ગંધ આવી રહી છે, જોકે આ મામલે તંત્ર મૌન સેવીને બેઠું છે

ગાંધીનગર

સૌપ્રથમ વડોદરાના અટલ બ્રિજ બાદ અમદાવાદના હાટકેશ્વર બ્રિજ અને હવે ગાંધીનગરમાં બનેલા રક્ષા શક્તિ સર્કલ પરના બ્રિજમાં તિરાડો જોવા મળતા કામગીરી સામે સો મણનો સવાલ ઉભો થયો છે. નોંધનીય છે કે ૫૨ કરોડના ખર્ચે ગાંધીનગરમાં રક્ષા શક્તિ સર્કલ પરના બ્રિજનું નિર્માણ કરવામાં આવ્યું હતું. જેનું ત્રણ દિવસ અગાઉ જ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. બાદમાં હાલ બ્રિજના નીચેના ભાગમાં તિરાડો જોવા મળતા ભ્રષ્ટાચારની અને ગેરરીતિની ગંધ આવી રહી છે. જોકે આ મામલે તંત્ર મૌન સેવીને બેઠું છે.ગાંધીનગરના રક્ષાશક્તિ સર્કલ બ્રિજને ૩ દિવસ પહેલા જ લોકાર્પણ કરી લોકો માટે ખુલ્લો મુકાયો હતો. જોકે તમામ નીતિ નિયમના પાલન સાથે ટેસ્ટિંગ કરીને બ્રિજ ખુલ્લો મુકવામાં આવ્યો હોવાના દાવા વચ્ચે બ્રિજના લોકાર્પણ થયાના ૩ દિવસમાં જ તિરાડો દેખાતા તંત્ર દોડતું થયું છે. જેને લઈને સબંધિત અધિકારીઓમા સોંપો પડી ગયો હતો. બીજી બાજુ બ્રિજના ઉપરના માર્ગ પર પણ ડામરના થિગળા મારવામાં આવ્યા હોય તેવા દ્રશ્યો છે. બ્રિજમા નીચેના ભાગે મસમોટી તિરાડ હોવા છતાં આ મામલે માર્ગ અને મકાન વિભાગે પોતાનો લુલો બચાવ કર્યો હતો અને બ્રિજમાં કોઈ તિરાડ પડી નથી એકસપાન્શન જોઈન્ટના કારણે બ્રિજમાં તિરાડો દેખાઈ રહી હોવાના ટેક્નિકલ જવાબની કેસેટ વગાડી દીધી હતી. કઠણાઈ તો એ છે કે કરોડો રૂપિયા ખર્ચી નાખવા છતાં પણ માત્ર ત્રણ દિવસમાં જ તિરાડો પડતા પ્રજાના પૈસાનો દુર્વ્યય થતો હોવા જેવો ઘાટ સર્જાયો છે. બીજી બાજુ સંબંધીત વિભાગ પણ કસુરવારો સામે પગલાં લેવામાં શંકાસ્પદ ભૂમિકા નિભાવતો હોવા જેવી સ્થિતિ સર્જાઈ છે. શુ કોન્ટ્રાક્ટર વિરુદ્ધ કાર્યવાહી થશે?, ૩ દિવસમાં તિરાડ કેવી રીતે પડે?ભ્રષ્ટાચારીઓને કાયદાનો ભય કેમ નથી? કોન્ટ્રાક્ટરને બ્લેક લિસ્ટ કરવા જેવી કામગીરી થશે? તે સહિતના સવાલો લોકોના મનમાં સતાવી રહ્યા છે. મહત્વનું છે કે વડોદરા ૨૩૦ કરોડના ખર્ચે ગેંડા સર્કલથી મનિષા ચોકડી સુધીનો સૌથી લાંબો ફ્લાઈ ઓવર બ્રિજ બનાવ્યો છે. જેને પણ ખુલ્લો મુક્યાના ચાર મહિનામાં જ તિરાડ પડવી શરૂ થતા બ્રિજ ચર્ચામાં આવ્યો હતો.

# ગુજરાતમાં ટેકનિકલ કોર્ષની ફીમાં ૫ ટકાનો વધારો થયો

## ફી નિયમન સમિતિ-ટેક્નિકલના દાયરામાં આવતી ૫૦૦ સંસ્થાઓને બેઝ નોશનલ ફીમાં ૫ ટકા વધારા માટે સંમતિ અપાઈ છે

અમદાવાદ : ફી નિયમન સમિતિ-ટેક્નિકલના દાયરામાં આવતી ૫૦૦ સંસ્થાઓને બેઝ નોશનલ ફીમાં ૫ ટકા વધારા માટે સંમતિ અપાઈ છે. જી હા...કુલ ૬૪૦ માંથી ૫૦૦ જેટલી સંસ્થાઓની સમિતિ દ્વારા નિયત કરાયેલી ફીની જાહેરાત કરાઈ છે. ૯ સંસ્થાઓએ વર્ષ ૨૦૨૨-૨૩ની બેઝ નોશનલ ફીમાં ઘટાડો સૂચવ્યો હતો. જ્યારે ૭૬ સંસ્થાઓએ વર્ષ ૨૦૨૨-૨૩ ની બેઝ નોશનલ ફીમાં કોઈપણ વધારો સૂચવ્યો નહોતો. ૫ સંસ્થાઓએ વર્ષ ૨૦૨૨-૨૩ની બેઝ નોશનલ ફીમાં ૨ ટકાનો વધારો સૂચવ્યો હતો. ૧૦ સંસ્થાઓએ વર્ષ ૨૦૨૨-૨૩ની બેઝ નોશનલ ફીમાં ૨ થી ૪ ટકાનો વધારો સૂચવ્યો હતો. જ્યારે ૪૦૦ સંસ્થાઓએ વર્ષ ૨૦૨૨-૨૩ની બેઝ નોશનલ ફીમાં ૪ થી ૫ ટકાનો વધારો સૂચવ્યો હતો. આમ ૬૪૦ સંસ્થાઓમાંથી ૧૧૦ જેટલી સંસ્થાઓએ બેઝ નોશનલ ફીમાં ૫ ટકા કરતા વધારો માગ્યો હતો, જેમની ફી અંગે નિર્ણય ટૂંક સમયમાં લેવાશેઝ જરૂરી દસ્તાવેજ સંસ્થાઓએ રજૂ કરવાના રહેશે.

૧૮ જેટલી સંસ્થાઓએ ફી બ્લોકમાં અભ્યાસક્રમ બંધ કર્યાનું સામે આવ્યુંછે. ૧૨ સંસ્થાઓએ વર્ષ ૨૦૨૨-૨૩ની બેઝ નોશનલ ફીમાં મહત્તમ ૫ ટકા વધારો માગ્યો હતો, પરંતુ બાંહેધરી પત્રક ના આપતા હાલ સમિતિએ ફી જાહેર ના કરી. સમિતિએ જાહેર કરેલી ૫૦૦ સંસ્થાઓની વર્ષ ૨૦૨૩-૨૪ થી વર્ષ ૨૦૨૫-૨૬ સુધીની ફી અંગે તમામ માહિતી વેબસાઈટ પર મુકાઈ છે. આ સાથે જ ફી સિવાય કોઈપણ જાતની ડિપોઝીટ કે અન્ય ફી સંસ્થાઓ વસૂલી શકશે નહીં. કોરોનાને કારણે વર્ષ ૨૦૨૦-૨૧ થી વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન એકપણ સંસ્થાઓને ફી વધારાની મંજૂરી અપાઈ ન હતી, જેના કારણે વર્ષ ૨૦૨૩-૨૪થી વર્ષ ૨૦૨૫-૨૬ બ્લોકની ફીમાં અગાઉ ના વધારેલા બ્લોકની ૫ ટકા ફી વધારાને નોશનલ વધારા તરીકે ફીમાં ઉમેરવામાં આવ્યો છે ત્યારબાદ નવી ફી નક્કી કરાઈ છે.

# ધરમપુરમાં આદિવાસી સમાજે જમીન સંપાદનને લઈને વિરોધ નોંધાવ્યા

વલસાડ

વલસાડ જિલ્લાના ધરમપુરમાં આદિવાસી સમાજે વિરોધ નોંધાવ્યો છે.વાપી-શામળાજી નેશનલ હાઈવ૫૬ માટે જતી જમીન સંપાદન મુદ્દે વિરોધ પ્રદર્શન કર્યું છે. જેમાં આદિવાસી ખેડૂતોએ મોટી સંખ્યામાં રેલી યોજી અને જમીન ન આપવાના નારા લગાવ્યા છે.ધરમપુર પ્રાંત કચેરીમાં જમીન સંપાદનની લોક સુનાવણી રખાઈ હતી.જેનો આદિવાસી સમાજે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતોવાંસદાના ધારાસભ્ય અનંત પટેલ, આદિવાસી સમાજના આગેવાનોએ આ અંગે પ્રાંત અધીકારીને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી.

આદિવાસી ખેડૂતોનો આક્ષેપ છે કે લોકોને અંધારામાં રાખી કામગીરી શરૂ કરાઈ છેપઅસરગ્રસ્તોને જાણ વગર જ જમીનની માપણી થઈ રહી છે.

હજારો આદિવાસી ખેડૂતો આ પ્રોજેક્ટથી પાયમાલ થશે.ત્યારે આદિવાસી ખેડૂતોએ કોઈપણ જોગે પોતાની જમીન ન આપવાની ચીમકી ઉચ્ચારી છે.

# રાજ્યમાં રખડતા ઢોરને કારણે ૨ વ્યક્તિના મોત

અમદાવાદ

હાઈકોર્ટની ટકોર છતા રાજ્યમાં રખડતા ઢોરનો ત્રાસ યથાવત છે. હજુ પણ રખડતા ઢોરને કારણે રાજ્યમાં નિર્દોષ લોકો મોતને ભેટી રહ્યા છે. આજે છેલ્લા ૨૪ કલાકમાં બે લોકો રખડતા ઢોરના ત્રાસનો ભોગ બન્યા છે. ભાવનગર જિલ્લામાં રખડતા ઢોરને કારણે વધુ એક યુવાનનું મોત થયું છે. મહુવા નેશનલ હાઈવે ઉપર તરેડી ગામના પાટિયા નજીક આ બનાવ સામે આવ્યો છે.

જયપાલ વાળા નામના યુવકનો આખલાએ ભોગ લીધો છે. આ યુવક મૂળ મહુવાના ખાટસુરા ગામનો રહેવાસી હતો. તરેડી નજીક બાઈક લઈને જઈ રહેલા યુવકને આખલાએ હડફેટે લેતા મોત નીપજ્યું છે.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રતિક્રિયા

# યોગ માત્ર શારીરિક કસરત નથી, જીવનને તેની સંપૂર્ણતામાં ખીલવવાનું શાસ્ત્ર છે

## દુનિયાના લાખો લોકોએ રોજિંદા જીવનમાં યોગને અપનાવીને તેના અગણિત લાભ અનુભવ્યા છે



સુરત

૨૧મી તારીખે રાજ્યકક્ષાનો યોગ દિવસ સુરતમાં યોજાઇ રહ્યો છે. ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની હાજરીમાં ૧.૪૫ લાખ લોકો ભેગા થઈન યોગ કરી રહ્યા છે. આ પ્રસંગે ગૃહમંત્રી હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહ્યા છે. આ વર્ષે સમગ્ર વિશ્વ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ માટે 'એક પૃથ્વી એક સ્વાસ્થ્ય'ની થીમ પર ઉજવણી કરવામાં આવી રહી છે. રાજ્ય સરકાર દ્વારા પણ રાજ્યભરમાં યોગદિવસ નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ છે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતવાસીઓને યોગ દિવસની હાર્દિક શુભકામના આપી છે. તેમમે ટ્વિટ કરીને જણાવ્યુ છે કે, આપ સૌને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની હાર્દિક શુભકામનાઓ. યોગ માત્ર શારીરિક કસરત નથી, એ જીવનને તેની સંપૂર્ણતામાં ખીલવવાનું શાસ્ત્ર છે. દુનિયાના લાખો લોકોએ રોજિંદા જીવનમાં યોગને અપનાવીને તેના અગણિત લાભ અનુભવ્યા છે. આવો..

આપણે સૌ નિયમિત યોગાભ્યાસ થકી જીવનને સાર્થક બનાવવા સંકલ્પબદ્ધ બનીએ. મળતી માહિતી પ્રમાણે, સુરત ખાતે યોજાનારા રાજ્ય કક્ષાના આ કાર્યક્રમમાં રૂ જંકશનથી SVNIT સર્કલ ૪ કિલોમીટર સુધી, રૂ જંકશનથી રત્નભૂમિ પાર્ટી પ્લોટ ૪ કિલોમીટર સુધી, તેવી જ રીતે રૂ જંકશનથી સુરત એરપોર્ટ ગેટ સાડા ચાર કિલોમીટર સુધી મળી પ્રતિ ૧ કિલોમીટરે આશરે ૧૦ હજાર નાગરિકો એટલે કે ૧ લાખ ૪૫ હજાર નાગરિકો કુલ સાડા બાર કિલોમીટર પાથ પર આ યોગાભ્યાસમાં સહભાગી થયા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને સુરત ખાતે યોગ દિવસની ઉજવણી થઈ રહી છે. સાંસદ સી.આર.પાટીલ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિ ઉપરાંત સવા લાખથી વધુ નાગરિકો એક સાથે, એક જ સ્થળે યોગાભ્યાસમાં જોડાઇ વિશ્વ વિક્રમ સર્જશે. યુવક સેવા અને સાંસ્કૃતિક મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, સુરત ખાતે યોજાનારા રાજ્ય કક્ષાના આ કાર્યક્રમમાં રૂ જંકશનથી SVNIT સર્કલ -૪ કિ.મી સુધી, Y જંકશનથી રત્નભૂમિ પાર્ટી પ્લોટ – ૪ કિ.મી સુધી, તેવી જ રીતે રૂ જંકશનથી સુરત એરપોર્ટ ગેટ – ૪.૫ કિ.મી સુધી મળી પ્રતિ ૧ કિમી આશરે ૧૦,૦૦૦ નાગરિકો એટલે કે ૧,૨૫,૦૦૦ નાગરિકો કુલ ૧૨.૫ કિમી પાથ પર આ યોગાભ્યાસમાં સહભાગી થશે. સુરતના કાર્યક્રમમાં જોડાવવા માટે ૧૮મીના રવિવારે જાહેર કરાયેલી ઓનલાઈન લિંક ઉપર માત્ર એક જ દિવસમાં એક લાખથી વધુ નાગરિકોએ રજિસ્ટ્રેશન કરાવી દીધું હતુ. આપને એ પણ જણાવીએ કે, રાજ્યના ધાર્મિક, પ્રવાસન, ઐતિહાસિક તથા શૈક્ષણિક મહત્વ અને કુદરતી સૌંદર્ય ધરાવતા ૭૫ આઈકોનિક સ્થળો જેવા કે સાબરમતી રિવરફ્રન્ટ, સ્ટેચ્યૂ ઓફ યુનિટી, કચ્છનું સફેદ રણ તથા મોઢેરા સૂર્યમંદિર જેવા સ્થળોએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરાશે. યોગ દિવસ પર સુરતવાસીઓમાં ભારે ઉત્સાહ અને ઉમંગ દેખાઈ રહ્યા છે.

# સૌરાષ્ટ્રના આપના નેતા વશરામ સાગઠિયાની ઘરવાપસી થઈ

## કોંગ્રેસમાંથી એએપીમાં જોડાયા બાદ વશરામ સાગઠિયા કોંગ્રેસના નવા પ્રમુખની પદયાત્રામાં હાજર રહેતા રાજકારણ ગરમાયુ હતું



અમદાવાદ

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં નાલોશીભર્યા પરાજય બાદ પ્રદેશ પ્રમુખ બદલવામાં આવ્યા અને જગદીશ ઠાકોરની જગ્યાએ શક્તિસિંહ ગોહિલને જવાબદારી સોંપવામાં આવી છે. પ્રમુખ બાદ હવે કોંગ્રેસના પ્રભારી પણ બદલાય તેવી શક્યતાઓ છે. પ્રભારી તરીકે બી.કે હરિપ્રસાદ, મોહન પ્રકાશ અને નીતિન રાઉતનું નામ હાલ ચર્ચામાં છે.

બી.કે હરિપ્રસાદ અગાઉ પણ ગુજરાતની જવાબદારી સંભાળી ચૂક્યા છે. કોંગ્રેસ હાઈકમાન્ડ નવા પ્રભારીની પણ ટુંક સમયમાં સત્તાવાર જાહેરાત કરી શકે છે. ત્યારે સૌરાષ્ટ્રના દિગ્ગજ નેતા વશરામ સાગઠિયા જેઓ વિધાનસભાની ચૂંટણી વખતે કોંગ્રેસ છોડીને આમ આદમી પાર્ટીમાં જોડાઈ ગયા હતાં અને હવે તેમણે કોંગ્રેસમાં ઘરવાપસી કરી છે.

ગુજરાત કોંગ્રેસમાંથી આમ આદમી પાર્ટીમા જોડાયા બાદ વશરામ સાગઠિયા કોંગ્રેસના નવા પ્રમુખની પદયાત્રામાં હાજર રહેતા રાજકારણ ગરમાયુ હતું. ગઈકાલે જ આમ આદમી પાર્ટીએ વશરામ સાગઠિયાને પાર્ટીમાંથી દૂર કરવાની જાહેરાત કરી હતી. જો કે વશરામ સાગઠિયાએ આ વાતનો ખુલાસો કરતા કહ્યુ હતું કે તેણે ૧૮મી જૂને જ આમ આદમી પાર્ટીમાંથી ઉપ્રમુખ પદ અને સભ્ય પદ પરથી રજીનામું આપી દીધુ હતું.

આ રાજીનામાંનો મેસેજનો સ્ક્રીન શૉટ કર્યા ત્યારથી જ વશરામ સાગઠિયાની કોંગ્રેસમાં જોડાવાની ચર્ચાએ જોર પકડય્ હતું. આમ આદમી પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવીને વશરામ સાગઠિયાએ મેસેજ કરી અને પોતાનુ રાજીનામું આપી દીધું હતું. તેણે મેસેજમાં લખ્યું હતું કે, આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપપ્રમુખ તરીકે તેમજ પ્રાથમિક સભ્ય તરીકે હું મારુ રાજીનામું આપને મોકલું છું જે સ્વીકારી યોગ્ય કરવા વિનંતી છે. આ સમગ્ર મેસેજ અને કોલનો સ્ક્રીન શૉટ વોટ્સએપ પર શેર કર્યો હતો. નોંધનીય છે કે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસના દિગ્ગજ નેતા વશરામ સાગઠિયા કોંગ્રેસથી નારાજ થઈને આમ આદમી પાર્ટીમાં જોડાઈ ગયાં હતાં. રાજકોટ ગ્રામ્ય બેઠક પરથી આપે વશરામ સાગઠિયાને ટીકિટ આપી હતી અને તેઓ ભાજપના ઉમેદવાર સામે હારી ગયા હતાં.

### અમદાવાદમાં ભગવાન જગન્નાથની યાત્રા સંપન્ન

# જગન્નાથ મંદિરને રિડેવલપ કરાશે, ૫૦૦૦૦ લોકો દર્શન કરી શકશે

## વિશાળ મંદિર પરિસર બનાવાશે, ભક્તોના રહેવા અને જમવાની વ્યવસ્થાની સાથે મ્યુઝિયમ બનાવવામાં આવશે

અમદાવાદ

શહેરમાં ભગવાન જગન્નાથની રથયાત્રા ગઈકાલે સંપન્ન થઈ છે. આજે મંદિરના ટ્રસ્ટી મહેન્દ્ર ઝાએ પત્રકારોને કહ્યું હતું કે, અમદાવાદમાં જમાલપુરના જગન્નાથ મંદિર સાથે વર્ષોથી લોકોની શ્રદ્ધા અને ભક્તિ વધી રહી છે. જેથી હવે આ મંદિરને રિડેવલપ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. એક સાથે ૫૦ હજાર લોકો ભગવાનના દર્શન કરી શકે તેવું વિશાળ મંદિર પરિસર બનાવવામાં આવશે.

તે ઉપરાંત ભક્તોના રહેવા અને જમવાની વ્યવસ્થાની સાથે મ્યુઝિયમ પણ બનાવવામાં આવશે. મહેન્દ્ર ઝાએ પત્રકારોને કહ્યું હતું કે, મંદિરના રિડેવલપ માટેનો સરવે એક વખત થઈ ગયો છે. થોડા સમય બાદ ફરીથી સરવે કરીને તેનો એસ્ટીમેટ કાઢ્યા બાદ રિડેવલપની કામગીરી હાથ ધરાશે. રથયાત્રા દરમિયાન ૧૮થી ૨૦ લાખ લોકો ભાગ લેતા હોય છે. દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓ જમાલપુર જગન્નાથ મંદિરે દર્શન કરવા આવતા હોય છે. વર્ષોથી ભગવાન પ્રત્યેની અપાર શ્રદ્ધા અને ભક્તિને ધ્યાનમાં રાખી હવેથી જમાલપુર જગન્નાથ મંદિરમાં ૫૦,૦૦૦ શ્રદ્ધાળુઓ એકસાથે દર્શન કરી શકે તેના માટે મંદિરને રિડેવલપ કરવામાં આવશે. મહેન્દ્ર ઝાએ વધુમાં કહ્યું હતું કે, નવા મંદિર પરિસરમાં બહારગામથી આવતા શ્રદ્ધાળુઓ અને સાધુ-સંતોની રહેવા જમવાની વ્યવસ્થા સાથેનું નવું બિલ્ડીંગ બનાવવામાં આવશે. બે માળનું મોટું પાર્કિંગ પણ બનાવવામાં આવશે. જગન્નાથ મંદિરની માલિકીની જગ્યામાં ચારથી પાંચ ચાલીઓમાં લોકો રહે છે તેઓ માટે એક અલગ જગ્યામાં મકાનો બનાવીને તેમને રહેવા માટે આપવામાં આવશે. મંદિરમાં હાથીઓ માટે નવું હાથીખાનું બનાવવામાં આવશે.

મંદિરની ઓફિસ પણ નવી જગ્યામાં બનાવવામાં આવશે. જમાલપુર જગન્નાથ મંદિરમાં મહંત નરસિંહદાસના સમયથી રથયાત્રા નીકળી અને આજ દિન સુધીની રથયાત્રા સહિત મંદિરના ઈતિહાસ વગેરેની ઝાંખી કરાવતું એક મ્યુઝિયમ પણ તૈયાર કરવામાં આવનાર છે. જગન્નાથ મંદિરને્ રિડેવલપ માટેનો સરવે કરવામાં આવ્યો છે, આગામી દિવસોમાં તેનું એસ્ટીમેટ તૈયાર કરી અને પ્લાન પાસ કરાવવા માટે મૂકવામાં આવશે.

Publisher, Printer and Owner : VIJYABEN VANRAJSINH SISIDIYA • Printed at : Dharti Printers,
C/3, Shankar Chambers (Basement), Nr. H. K. Huose, Opp. Mrudul Tower, Ashram Road, Ahmedabad and published from Junagadh
C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office,Meeranagar Main Road, Junagadh-362001 (Gujarat) • Editor : Vijyaben Vanrajsinh Sisidiya